
## વડીલોને વંદન અભિનંદન


પ્રેમજીભાઈ રાઠોડ
(૧૯૪૭) મો. ૭૬૯૮૭૫૫૮૨૭



સોમાભાઈ વેલજીભાઈ ચૌધરી
(૧૯૪૮) ફોન: ૨૩૨૨૮૦૧૭


આશાભાઈ કે. પ્રજાપતિ
(૧૯૫૬) મો. ૯૭૨૪૦૩૧૫૬૭


ચંચળબેન રાઠોડ
(૧૯૫૩) ફોન: ૨૩૨૩૦૩૮૮


દશરથભાઈ આઈ. પટેલ
(૧૯૫૧) મો. ૯૮૨૪૯૯૯૧૫૮


વિદ્યાબેન આશાભાઈ પ્રજાપતિ
(૧૯૫૮) મો. ૯૭૨૪૦૩૧૫૬૭


સીતારામભાઈ પટેલ
(૧૯૫૪) મો. ૯૩૭૪૬૦૬૩૭૬


મીરાબેન પ્રિયવદન શાહ
(૧૯૫૨) ફોન: ૨૩૨૨૪૪૪


બિહોલા રતનસિંહ. એમ.
(૧૯૫૦) મો. ૮૭૫૮૨૧૭૪૧૫


કમળાબેન ગણેશભાઈ પટેલ
(૧૯૪૬) ફોન: ૨૩૨૧૦૬૦૧


છત્રસિંહ બી વાઘેલા
(૧૯૫૦) મો. ૯૯૨૪૪૫૫૧૧૬


અમરબા છત્રસિંહ વાઘેલા
(૧૯૫૨) મો. ૯૭૩૭૭૫૫૭૫૫


કાંતિભાઈ સાંકળભાઈ પટેલ
(૧૯૪૪) ફોન: ૨૩૨૨૭૪૫૮


શાંતાબેન રમેશભાઈ પટેલ
(૧૯૫૮) મો. ૯૯૨૫૨૩૫૪૫૭


વણકર ધનજીભાઈ અંબારામ
(૧૯૫૨) મો. ૭૩૮૩૧૧૯૧૧૯


પ્રભુદાસ ખેતીદાસ પટેલ
(૧૯૫૦) ફોન ૨૩૨૨૪૨૯૮


ગોદાવરીબેન નરોત્તમભાઈ
(૧૯૫૫) ફોન: ૨૩૨૧૧૦૧૩



હસમુખભાઈ મોદી
(૧૯૫૪) મો. ૯૪૦૮૨૭૬૫૮૩


રમેશભાઈ ગંગારામ પટેલ
(૧૯૫૮) ફોન: ૨૩૨૧૧૪૫૬


કલાબેન વસંતભાઈ પટેલ
(૧૯૪૧) ફોન: ૨૩૨૨૦૦૭૫


ગીતાબેન મોદી
(૧૯૫૫) મો. ૮૪૦૧૮૭૨૪૮૫


ઈશ્વરભાઈ મોહનભાઈ ચૌધરી
(૧૯૫૬) ૯૮૭૯૦૫૮૫૦૪


ડાહ્યાભાઈ ટી. પટેલ
(૧૯૫૦) ફોન: ૨૩૨૧૦૨૩૬


શાન્તાબેન પી. રાઠોડ
(૧૯૫૧) ફોન: ૨૩૨૧૧૧૧૭


હિંમતસિંહ એફ ડોડીયા
(૧૯૫૧) મો. ૯૮૨૪૮૨૬૦૩૭


કે.પી. સોલંકી
(૧૯૫૧) મો. ૯૩૭૭૧૨૭૦૮૯


બાબુભાઈ એમ. પ્રજાપતિ
(૧૯૫૪) મો. ૯૯૦૪૩૫૪૪૫૧


વસનબા એચ. ડોડીયા
(૧૯૫૪) મો. ૯૯૦૪૮૬૭૦૩૧


જયંતિભાઈ આર. રાવલ
(૧૯૬૦) મો. ૯૭૨૪૮૯૧૫૦૬


વાય.ડી.વિજાપુરા
(૧૯૪૯) મો. ૯૬૬૨૩૫૮૪૪૦


જયાબેન પોપટલાલ ઉપાલા
(૧૯૪૭) ફોન: ૨૩૨૨૫૬૮૬


કાન્તીલાલ પી. ત્રિવેદી
(૧૯૪૮) મો. ૯૪૨૬૩૧૦૮૮૬


જોહરાબેન વાય વિજાપુરા
(૧૯૫૨) મો. ૯૬૬૨૩૫૮૪૪૦


રણછોડભાઈ પ્રેમાભાઈ ગોરે
(૧૯૪૧) ફોન: ૨૩૨૨૬૪૨૭


ધુળીબેન ડી. પ્રજાપતિ
(૧૯૫૨) મો. ૭૪૦૫૭૫૯૨૪૦


ચતુરબેન જી. પટેલ
(૧૯૫૫) મો. ૯૬૦૧૯૭૪૯૩૨

# આમ દેશવાસીઓ માટે મોદી સરકાર કશુ જ કરવા માંગતી નથી : શક્તિસિંહ ગોહીલ

ગાંધીનગર, તા. ૩૧

મોદી સરકાર શુટબુટ પહેરીને સુટકેસો ભરી ભરીને ઉદ્યોગપતિઓ માટે તિજોરી લુંટાવે છે અને આમ દેશવાસીઓ માટે આ સરકાર કશુ જ કરવા માંગતી નથી તેવો આક્ષેપ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે કર્યો છે.

વડાપ્રધાનના મનકી બાત કાર્યક્રમ ઉપર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વડાપ્રધાને માત્ર શબ્દોની સજાવટ કરીને દેશવાસીઓને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે. હકીકતમાં મોદી સરકારના એક વર્ષની વાસ્તવિકતા તેમના બોલેલા શબ્દોથી સંપૂર્ણ વિપરીત છે.

શિક્ષણ અંગે ખુબ વાતો કરવામાં આવી પરંતુ હકિકતમાં મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા પછી બજેટમાં એક જ વર્ષમાં જ શિક્ષણક્ષેત્રે ૧૪૦૮૮.૫૯ કરોડ રૂપિયા કાપી લેવામાં આવ્યા છે. જેમાં પ્રાથમિક શિક્ષણમાં ૧૦૧૮૬ કરોડ માધ્યમિક શિક્ષણમાંથી ૧૪૨૨ કરોડ અને ઉચ્ચ શિક્ષણમાંથી ૧૪૭૯ કરોડ કાપી લેવામાં આવ્યા છે.

શિક્ષણ પ્રત્યે સંપૂર્ણપણે દુર્લક્ષ ભાજપ સરકાર રાખતી હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ગઈકાલે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું જે પરિણામ આવ્યુ તેમાં છેલ્લા કેટલાય વર્ષોમાં ખરાબ પરિસ્થિતિ ન થઈ હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું અને પરિણામ માત્ર ૫૪.૯૮ ટકા આવ્યુ. ભાજપની આદિવાસી વિરોધી નીતિના કારણે ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં અત્યંત કંગાળ પરિણામ આવ્યું છે. જેમાં છોટાઉદેપુર જિલ્લો સૌથી ખરાબ પરિણામ માટેનો રહ્યો છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર જ શિક્ષકો જ ગુજરાતમાં નથી. ફિક્સ પગારના નામે શિક્ષકોનું શોષણ થાય છે.

સિંચાઈ યોજનામાં મોદી સરકારે ચાલુ વર્ષે ૮૧૫૬.૨૨ કરોડ રૂપિયા કાપી લીધા છે. આમ ખેડૂતોને મદદ કરવાની તો એક બાજુ રહી પરંતુ જે લાભો મળતા હતા તે પણ ઓછા કરવામાં આવ્યા છે.

ગરીબ લોકોની માત્ર વાતો કરીને મતો જ લેવામાં આવે છે. તેનો સૌથી મોટો પુરાવો એ છે કે મોદી સરકારે સામાજીક ક્ષેત્રમાં જે પૈસા વપરાતા હતા તેમાં ચાલુ વર્ષે ૧૭૫૧૨૨ કરોડ રૂપિયાનો કાપ મુક્યો છે. જે સ્પષ્ટ બતાવે છે કે મોદી સરકાર સુટબુટ પહેરીને સુટકેસ ભરી ભરીને ઉદ્યોગપતિઓને માટે તિજોરીઓ લુંટાવે છે.

## પ્રવેશોત્સવ માટે જશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આઉટ રેશિયો એ સરકારની ચિંતાનો મુદ્દો બન્યો છે. અને તેથી જ આ વખતે મા.શિ.ના ડ્રોપ આઉટ રેશિયા પર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

જો કે પ્રા. શાળાઓમાં પણ ડ્રોપ આઉટ રેશિયો ૫ ટકા સુધી પહોંચ્યો હોવાથી સરકારની ચિંતા પુનઃ વધી છે. નો. ડિટેશનના અમલીકરણ પછી પણ આ સ્થિતિને લઈ સરકાર માટે એક નવો પડકાર ઉભો થયો છે.

મળતી વિગતો પ્રમાણે પ્રા. શાળામાં પ્રવેશોત્સવ વખતે પુનઃ શિક્ષણ પ્રવાહમાં કેટલા બાળકોને જોડવામાં આવ્યા તે અંગેનો દરેક અધિકારી-પદાધિકારીએ અલગથી અહેવાલ આપવાનો રહેશે.


દરમિયાન જિલ્લાની ૪૦ જેટલી શાળાઓ સરકારે નિયત કરેલા માપદંડ મુજબની જણાતાં હાલ તો આ શાળાઓમાં રાજયના પદાધિકારીઓ જશે.

જિલ્લાની તમામ શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવશે પણ ત્યાં જિલ્લાના પદાધિકારીઓ અને પંચાયતના પદાધિકારીઓ જશે તેવું જાણવા મળેલ છે.

૧૧ થી ૧૩ જુન દરમિયાન આ પ્રવેશોત્સવ હોવાને કારણે આગામી સપ્તાહ સુધીમાં આ આયોજન આખરી થઈ જશે તેમ જાણવા મળેલ છે.


હસમુખભાઈ મણીલાલ પટેલ
(૧૯૫૩) મો. ૯૯૨૫૫૯૮૨૨૪

## શબ્દાવલી - ૫૭૪૭



### આડી ચાવી

૧. વિદ્યા, જ્ઞાન (૩)
૩. છુટાછેડા, તલાક (૪)
૭. મહોરું, જોખમી પ્રવૃત્તિમાં બચવા માટે... પહેરાય (૨)
૮. વિમન, બલુન (૨)
૯. પુરુષનો ભોગ લેવાય તે (૪)
૧૧. ચડસપૂર્વક, ખેંચાખેંચી (૪)
૧૨. લોહીનું દાન (૪)
૧૪. કજિયો, અણબનાવ (૪)
૧૬. ખુબ સરસ જેવો ભાવ દર્શાવતો ઉદગાર (૨)
૧૮. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૯. પાણી, જળ (૨)
૨૦. જન્મદિવસ (૪)
૨૧. પપ્પાના મમ્મી (૩)

### ઊભી ચાવી

૧. આસ્થા, શ્રદ્ધા (૫)
૨. સેના, સૈન્ય (૩)
૩. ઉપવાસ, ભુખ્યા રહેવાના દિવસ (૨)
૪. ભીડના અર્થમાં પ્રવાહી (૨)
૫. જવું તે, જતાં રહ્યાં (૨)
૬. નખરાં, ખોટા લાડ (૪)
૮. વિશાળ, ખુબ મોટું (૪)
૧૦. સહન કરવું (૪)
૧૩. સત્યવાદી (૪)
૧૪. ખરલ, વસ્તુ વાટવાનો પથ્થર (૨)
૧૫. મોટાઇ, ગૌરવ (૩)
૧૬. પગથિયા, વાળો કુવો (૨)
૧૭. ઉત્સાહ, આનંદ (૨)
૧૮. એક કઠોળ (૨)

### શબ્દાવલી ૫૭૪૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) રહેમદીલ (૫) પનો (૬) સીલક (૭) કમર (૯) રઘવાયુ (૧૧) બુન (૧૩) રડાર (૧૫) કરકસર (૧૮) મસ (૧૯) તકાજો (૨૧) નિવાસ (૨૩) આમ (૨૪) કળશ

**ઊભી ચાવી :-** (૧) રસીદબુક (૨) હેલ (૩) મકર (૪) લકવા (૫) પર (૮) મયુર (૧૦) ફુરસદ (૧૨) નરક (૧૪) ડામ (૧૬) સતવાણી (૧૭) રકાસ (૨૦) ગઆ (૨૨) આળ

# રાજ્યના પાંચ પૂર્વ ચીફ સેક્રેટરી ફરજ પર, હવે પાંડિયનનો વારો

## હવે ગૌરીકુમાર, પ્રદીપ શર્મા, રાજીવ ટકરૂ, ઓ. રવિ, ડી. કે. રાવનો વારો

ગુજરાતની ભાજપ સરકાર વહીવટી તંત્રમાં વફાદારોને કોઈને કોઈ રીતે પ્રોત્સાહન આપી રહી છે. શાસન ચાહે નરેન્દ્ર મોદીનું હોય કે આનંદીબેન પટેલનું, સરકારને મદદ કરનારા ઓફિસરોને હંમેશા પ્રાઈમ પોસ્ટીંગ મળ્યા જ છે. સરકારના ચીફ સેક્રેટરીના સર્વોચ્ચપદેથી વયનિવૃત્ત થયેલા ડી.એન.પાંડિયન માટે સરકારે બે પોસ્ટ વિચારી રાખી છે. પહેલી પોસ્ટ ગુજરાત વિઝિલન્સ કમિશનરની છે જે ખાલી પડેલી છે. બીજી પોસ્ટ નવી દિલ્હીમાં છે જે ડાયરેક્ટ મોદી મિશનનો હિસ્સો હશે. રાજયના ભૂતપૂર્વ એવા પાંચ ચીફ સેક્રેટરી હાલ કોઈને કોઈ સ્થાને કોન્ટ્રાક્ટ બેઝથી ફરજ પર છે. ડો. મંજૂલા સુબ્રમણયમ કે જેઓ મેટ્રોરેલના ચીફ છે. સુધીર માંકડ ગિફ્ટ સિટીના ચેરમેન છે. ડી. રાજગોપાલન ઈન્ફર્મેશન કમિશનર છે. ડો. વરેશ સિંહાની નિયુક્તિ સરકારે ગુજરાત ઈલેકશન કમિશનર તરીકે કરી છે, જયારે અચલકુમાર જોતિની નિયુક્તિ ભારતના ચૂંટણી કમિશનર પદે કરવામાં આવી છે. તમામ પૂર્વ ઓફિસરોના પોસ્ટીંગને પ્રાઈમ પોસ્ટીંગ માનવામાં આવે છે...

### ગુજરાતના ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટને દિલ્હીનો પવન એક્ટિવ મોડ ઉપર

**હજી ૧૦ ઓફિસરો નિવૃત્તિના દ્વારે ...**

ગુજરાતની બ્યુરોક્રેસી હવે યુવાન થતી જાય છે. પ્રતિવર્ષ ભારતીય સનદી સેવા આઈએએસ કેડરના એવરેજ ૧૨ થી ૧૫ સિનિયર ઓફિસરો વય નિવૃત્ત થઈ રહ્યા છે. ૨૦૧૫ના વર્ષમાં કુલ ૨૦ ઓફિસરો પૈકી ૧૦ ઓફિસરો નિવૃત્ત થઈ ચૂક્યા છે. મે મહિનામાં ચીફ સેક્રેટરી ડી.જે.પાંડિયન, પી.એલ.દરબાર અને સી.પી.પટેલ વયનિવૃત્ત થયા છે. આવતા મહિને ડી.કે.રાવ અને પ્રદીપ શર્માનો વારો છે. જુલાઈમાં વી.સી.વર્મા ઓગષ્ટમાં ગૌરીકુમાર અને એચ.એન.ઠક્કર લાઈનમાં છે. સપ્ટેમ્બરમાં રાજીવ ટકરૂ અને કે.એન.ભટ્ટ નિવૃત્ત થશે. ઓક્ટોબરમાં ઓ.રવિ છે, જયારે ડિસેમ્બરમાં પી.પી.હર્ષે અને ડી.એન.સત્યા તેમનો નોકરી સમય પૂર્ણ કરે છે. સિનિયરોની નિવૃત્તિ પછી સમગ્ર બ્યુરોક્રેસીમાં નજર કરીએ તો ૬૦ ટકા થી વધુ ઓફિસરો યુવાન છે. આવનારા પાંચ વર્ષમાં એવું કહેવાય છે કે ગુજરાતના વહીવટી તંત્રમાં એકપણ સિનિયર ઓફિસર નોકરી ઉપર નહીં હોય...

**ભેળસેળ સ્ટાફની કમી અને સેટીંગ ...**

ખોરાક અને દવાઓમાં થતી ભેળસેળના કાયદા એટલા કડક હોવા જોઈએ કે જે કસૂરવારને સજા થાય તે જોઈને બીજો કોઈ વ્યક્તિ ભેળસેળ કરતો અટકી જાય... આપણા દેશમાં કાયદા તો સુંદર બનાવવામાં આવે છે પરંતુ તેનો અમલ થતો નથી. સરકારને જયારે પૂછવામાં આવે છે ત્યારે કહે છે કે સ્ટાફની અછત છે. ઉત્સવો અને ઉજવણી પાછળ થતાં ખર્ચા બંધ કરીને હેલ્થને રિલેટેડ આવી મહત્વની ખાલી જગ્યાઓએ સ્ટાફ ભરવામાં આવે તો લોકોનું કલ્યાણ થઈ શકે છે. સચિવાલયમાં એક સિનિયર હેલ્થ ઓફિસરે કહ્યું હતું કે ખોરાક અને ઔષધ નિયમન તંત્રમાં સ્ટાફની અછત તો છે જ પરંતુ સાથે સાથે દલાલો મારફતે સેમ્પલમાં સેટીંગ બહું મોટી સંખ્યામાં થાય છે એટલે કસૂરવારો બેફામ બન્યા છે. રાજયના આરોગ્ય પ્રધાન નિતીન પટેલ હોસ્પિટલોની મુલાકાતે જાય છે પરંતુ તેમણે સરપ્રાઈઝ ચેકીંગ તો ખોરાક અને ઔષધ નિયમન તંત્રનું કરવું જોઈએ...

**રિયલ એસ્ટેટ જાને કહાં ગયે વો દિન ...**

ગુજરાતનું રિયલ એસ્ટેટ અત્યારે તળીયે ગયું છે. છેલ્લા એક વર્ષમાં જમીન અને મકાનના ભાવમાં બહું મોટો કડાકો આવ્યો છે. તૈયાર સ્કીમોમાં ખરીદાર ઓછા છે અને નવી સ્કીમોમાં વેઈટ એન્ડ વોચની સ્થિતિ છે. એક સમય હતો જયારે ટુ બીએચકે ફ્લેટના દામ ચારગણા વધી ચૂક્યા હતા, આજે બમણાં છે તો પણ ખરીદાર નથી. શહેરોમાં તો ભાડાના મકાનમાં રહેવાનો ક્રેઝ વધતો જાય છે. રોકડ વહેવારો ઉપર સરકારના નવા કાયદાના કારણે રિયલ એસ્ટેટમાં ફરતા બ્લેકમની ઉપર કન્ટ્રોલ આવે તેમ લાગે છે પણ સાથે સાથે નવી યુક્તિઓ પણ આવી ચૂકી છે. નેનો કારના પ્રોજેક્ટ સમયે સાણંદમાં જે જમીનના કરોડો રૂપિયાનો ભાવ બોલાતો હતો તે ભાવમાં ભારે મોટો ઘટાડો થયો છે. ગાંધીનગરમાં છેલ્લે એક વિઘા જમીન સાડા પાંચ કરોડમાં વેચાઈ હતી. આજે જમીન માલિકોને આવા દામ મળતા નથી. સરકારના એફોર્ડેબલ હાઉસિંગની સ્કીમ પણ ભાવ ઘટાડા માટે જવાબદાર છે...

**ચૂંટણી તૈયારીમાં ભાજપ અને કોંગ્રેસ સક્રિય ...**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પાર્ટીઓ તૈયારી કરી રહી છે. પાર્ટીના મુખ્ય સંગઠન સાથે જિલ્લા અને તાલુકા સ્તરના સંગઠનોમાં ચર્ચાનો દોર શરૂ થઈ ચૂક્યો છે. ભાજપના એક નેતાના કહેવા પ્રમાણે પંચાયતની એક બેઠક સામે પાર્ટીમાં ૨૦થી વધુ દાવેદારો જોવા મળી રહ્યા છે. આ વખતની સ્થાનિક ચૂંટણી ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની કસોટી છે ત્યારે તેમણે જિલ્લાના રિવ્ય અને પ્રવાસ શરૂ કરી દીધા છે. બીજી તરફ કોંગ્રેસના સંગઠનમાં ફેરબદલ થઈ રહી છે. જિલ્લા અને તાલુકાના સંગઠનમાં સંભવિત ઉમેદવારોની યાદી બનાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. જો કે કોંગ્રેસમાં બેઠક સામેના દાવેદારો ઘટતા જાય છે, જે પાર્ટી માટે નકારાત્મક પાસું હોઈ શકે છે. ભાજપના અકબંધ જુવાળ સામે સ્ટેટેજી ઘડવામાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ હજી પણ માર ખાઈ રહ્યા છે...

**દિલ્હીની કેન્ટીનમાં હવે ગુજરાતી બ્રેકફાસ્ટ ...**

ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી ગુજરાતી હોવાથી તેમજ તેમણે ભૂતકાળમાં ગુજરાતી ફૂડનું માર્કેટીંગ કર્યું હોવાના કારણે દિલ્હી સ્થિત કેન્દ્ર સરકારની કચેરીઓમાં કામ કરતા ઓફિસરો હવે ગુજરાતી સ્વાદના શોખિન બની રહ્યા છે. પાર્લામેન્ટની કેન્ટીનમાં તો ગુજરાતી ડીશ મળે છે પરંતુ હવે નાસ્તાના શોખિન ઓફિસરો માટે કેન્દ્ર સરકારના વિભાગોની કેન્ટીનમાં ફાફડાજલેબી, ઢોકળાં,

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ખાખરા અને પૌંઆ જેવી નાસ્તાની ચીજો પિરસવામાં આવશે. ગુજરાતની મુલાકાતે આવતા પ્રત્યેક વિદેશીને ગુજરાતી ફૂડનો ચસકો લાગી જાય છે. ચાઈનાના પ્રેસિડેન્ટ હોય કે પાકિસ્તાનના પ્રાઈમ મિનિસ્ટર, અમેરિકાના પ્રેસિડેન્ટ બરાક ઓબામા હોય કે યુએનના ચીફ પ્રત્યેકના લંચ કે ડિનરમાં કોઈને કોઈ ગુજરાતી ફૂડ પિરસવામાં આવે છે. કહેવાય છે કે ગુજરાતીઓ, ખાસ કરીને રાજકોટ, અમદાવાદ અને સુરતના લોકો બ્રેકફાસ્ટના બહું શોખિન હોય છે. એવું પણ છે કે ગુજરાતીમાં જેટલી વાનગીઓ છે તેટલી વાનગીઓ કદાચ બીજા કોઈ કન્ટ્રી ફૂડમાં જોવા ના મળે...સદાકાળ ગુજરાત...!

**ઇન્ફર્મેશન ડિપાર્ટમેન્ટ એક્ટિવ મોડમાં ...**

નવી દિલ્હીમાં પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો, દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયોની એક્ટિવનેસ જોઈને ગુજરાત સરકારે તેના ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટને એક્ટિવ મોડમાં લાવી દીધું છે. ગાંધીનગર અને અમદાવાદમાં કામ કરતા માહિતીના ઓફિસરો પાસે માત્ર ગુજરાતની જ નહીં, દેશભરની તાજા ખબરો પળવારમાં આવી જાય છે. માહિતી વિભાગની વેબસાઈટ ભલે ભૂલભૂલામણી હોય, માહિતી ઓફિસરોના ફેસબુક અને ટ્વિટર એકાઉન્ટ પાવરફૂલ બન્યા છે જે ચીફ મિનિસ્ટરની ઓફિસિયલ વેબસાઈટની પેરેલલ ચાલે છે. એક તરફ આનંદીબેન પટેલ કોઈ ફંકશનમાં વક્તવ્ય આપતા હોય તો બીજી તરફ ફેસબુક અને ટ્વિટરમાં તેમના ફોટોગ્રાફ અપલોડ થઈ ચૂક્યા હોય છે. માહિતી વિભાગ આજકાલ પ્રાઈવેટ પબ્લિક રિલેશન એજન્સીની જેમ કામ કરે છે. વિભાગના ખંતિલા ઓફિસરો વોટ્સઅપના ગ્રુપ બનાવીને મિડીયા પર્સનને પળવારમાં ફોટોગ્રાફ અને ન્યૂજ પહોંચતા કરે છે...

### જૂન મહિનાના પ્રારંભે ડિપાર્ટમેન્ટમાં વહીવટી ફેરફાર નિશ્ચિત બન્યા છે

**વહીવટી તંત્રમાં ફેરબદલની મોસમ આવી ...**

ગુજરાતના નવા ચીફ સેક્રેટરી તરીકે ગંગારામ અલોરિયાની નિયુક્તિ થયા બાદ હવે તેમના મહત્વના ખાલી પડેલા શહેરી વિકાસ વિભાગ અને ગૃહ વિભાગમાં નવી નિયુક્તિ સાથે કેટલાક ડિપાર્ટમેન્ટમાં બદલીઓ તોળાઈ રહી છે. સચિવાલયના સૂત્રો જણાવે છે કે શહેરી વિકાસ વિભાગની જવાબદારી કે.શ્રીનિવાસને આપવામાં આવશે, જો કે તેમની પાસે સામાન્ય વહીવટ વિભાગનો વધારાનો હવાલો રહે તેવી સંભાવના છે. હોમ ડિપાર્ટમેન્ટમાં ફુલટાઈમ પી.કે.તનેજાને મૂકવામાં આવે તેમ લાગી રહ્યું છે. મહેસૂલ વિભાગમાં રાજીવ ગુપ્તાનું નામ ચર્ચામાં ટોપ પર છે. એ સાથે કેટલાક બોર્ડ નિગમમાં પણ મોટાપાયે ફેરબદલ શક્ય છે. આ સપ્તાહમાં વહીવટી ફેરફારો થાય તેમ લાગે છે. નવા ચીફ સેક્રેટરી અલોરિયાને પૂછવામાં આવ્યું કે વહીવટી તંત્રમાં ફેરફાર થશે, ત્યારે તેમણે કહ્યું હતું કે "જૂનના પહેલા સપ્તાહમાં ફેરફારો સંભવ છે". કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી શરૂ થાય તે પહેલાં આ ફેરફારો આવે તેમ મનાઈ રહ્યું છે...